### ધન્ય છે પ્રાથમિક શિક્ષકોને

# પોશીનાના અંતરીયાળ ગામડામાં નેટવર્કના અભાવે શેરી શાળાથી શિક્ષણ

## આધુનિક્તામાં પણ ગ્રામ્ય વિસ્તારમાં ૧૮મી સદી જેવી સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬



શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. કોરોનાના કારણે વિદ્યાર્થીઓ વગર શૈક્ષણિક સંકુલો ખૂલ્યા છે. ૧૦ જૂન થી ૧૦ જુલાઈ-૨૦૨૧ સુધી તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપ્યું હોવાથી જ્ઞાનસેતુ બ્રીજ કોર્સ રેડીનેશ દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવાનું શરૂ થયું પરંતુ આધુનિક્તામાં પણ પોશીના, વિજયનગર, ખેડબ્રહ્માના અનેક વિસ્તારો ૧૮મી સદી જેવી સ્થિતિ છે. ત્યાં નેટવર્ક પકડાતું નથી, તેમ છતાં કર્મયોગી પ્રા. શિક્ષકોએ શાળા બંધ, શિક્ષણ નહીં..તે સૂત્રને સાર્થક કરી દેખાડી પોશીના તાલુકાની દેમતીમેરા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા ઘરે..ઘરે ફરી ફળીયા પ્રમાણે શિક્ષણ આપી શેરી શિક્ષણના કાર્યક્રમને સફળ બનાવી રહ્યા છે. રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગે આવા શિક્ષકોની વિશેષ નોંધ લઈ તેમનું રાજ્ય કક્ષાએ સન્માન કરવું જોઈએ.

પાછલા દોઢ દાયકાનો ઈતિહાસ ચકાસવામાં આવે તો ખેડબ્રહ્મા, પોશીના જેવા અસુવિધાવાળા વિસ્તારોમાં કોઈ શિક્ષક તરીકે ફરજ બજાવવા માટે

### શાળા બંધ, શિક્ષણ નહીં

તૈયાર ન હતું. શાળા હોય પરંતુ વીજળી ઉપલબ્ધ ન હોય, વીજળી ન હોય એટલે ઈન્ટરનેટ સહિતની સુવિધાનું સ્વપ્ન પણ વિચારી ન શકાય. સમય બદલાયો રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તમામ શૈક્ષણિક સંકુલોને આધુનિક સુવિધાથી સજ્જ કર્યા પરંતુ જ્યાં કુદરતી રીતે જ પ્રકૃતિની ગોદમાં જીવન રહેલું છે તેવા પોશીના વિસ્તારના અંતરીયાળ ડુંગરોમાં અનેક શૈક્ષણિક સંકુલોમાં વીજળી હોવા છતાં ઈન્ટરનેટ સેવા નેટવર્કના અભાવે નસીબ થઈ નથી. સરકાર આદિવાસી વિસ્તારોમાં સર્વાંગી વિકાસની વાતને સફળતાપૂર્વક રજૂ કરી શકે છે. પરંતુ હવે આધુનિક યુગમાં ઈન્ટરનેટ સેવા શૈક્ષણિક સંકુલોમાં ઉપલબ્ધ છે તેની ખરાઈ કરવાનો સમય પાકી ગયો છે. તા.૭ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો, શિક્ષણ વિભાગ દ્વારા દિક્ષા એપ, યુટ્યુબ, બાયસેગ વન્દે ગુજરાત ચેનલ દ્વારા ગત વર્ષે જે શીખવવામાં આવ્યું તે ૧૦ જૂન થી ૧૦ જુલાઈ સુધી જ્ઞાનસેતુ બ્રીજ કોર્સ રેડીનેશ કાર્યક્રમ દ્વારા બાળકોને શીખવવાનું આહવાન



થયું પરંતુ પોશીના તાલુકાની દેમતીમેરા પ્રાથમિક શાળા અંતરીયાળ વિસ્તારમાં છે જ્યાં ટેલિફોન કે ટીવી જેવા ઉપકરણો પણ ઉપલબ્ધ નથી તે શાળાના મુખ્ય શિક્ષક મનિષભાઈ ડી. પ્રજાપતિ, અતુલભાઈ ડામોર વગેરેએ શાળા બંધ છે, શિક્ષણ નહીં..સૂત્રને સાર્થક કરી શેરી શાળા દ્વારા શિક્ષણ આપી બાળકોના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાનો કઠોર પરીશ્રમ ઉઠાવ્યો છે.

# આદેશ : ઉત્તર ગુજરાતમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેક્ટીકલ પરીક્ષાના ગુણ અપલોડ કરો

### તા.૧ જુલાઈ સુધી બોર્ડની વેબસાઈટ ઉપર ઓનલાઈન એન્ટ્રી ફરજીયાત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

દેશની સર્વોચ્ચ અદાલતે ધો.૧૨ નું પરિણામ ૩૧ જુલાઈ સુધી જાહેર કરવા તમામ રાજ્યોને આદેશ કર્યો છે. ગુજરાતમાં પણ ધો.૧૦ અને ૧૨નું પરિણામ જાહેર કરવા માટે બોર્ડે ક્વાયત શરૂ કરી છે. ઉત્તર ગુજરાતમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા છાત્રોની પ્રેક્ટીકલ પરીક્ષાના ગુણ અપલોડ કરવા તમામ શાળાઓને આદેશ કરવામાં આવ્યો છે અને શિક્ષણ બોર્ડની વેબસાઈટ ઉપર તા.૧ જુલાઈ સુધી માર્કસ મૂકવા પડશે.

ધો.૧૦ બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થવાની વકી વચ્ચે જાહેર થયું નથી. જેથી આગામી સપ્તાહે પરિણામ જાહેર થવાની સંભાવના છે. ધો.૧૨ બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર કરવા માટેની માર્ગદર્શક સૂચનાઓ તાજેતરમાં આપ્યા પછી ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જુલાઈના બીજા કે ત્રીજા સપ્તાહમાં જાહેર થઈ શકે છે. તે પૂર્વે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તમામ શાળાઓના આચાર્યોને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના રેગ્યુલર છાત્રોના માળખા મુજબના ગુણ અને પ્રેક્ટીકલ વિષયના ગુણ બોર્ડની વેબસાઈટ ઉપર તા.૨૫ જુનથી ૧ જુલાઈ સુધી અપલોડ કરવા જણાવી દેવામાં આવ્યું છે.

# ટ્રાફીકજામ : હિંમતનગર-વિજાપુર રોડમાં પુલ ઉપર ટ્રેઈલર ખોટકાયું

### ૫ કી.મી. સુધી વાહનોની કતારો, મુસાફરી કરતા લોકો ભૂખ્યા-તરસ્યા અકળાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

અસહ્ય બફારા અને ઉકળાટ વચ્ચે તમે મુસાફરી કરી રહ્યા હોય તે વાહન થંભી જાય તો..?? મુસાફરી કરવી કેટલી સરળ છે તેનું જ્ઞાન અનેક મુસાફરોને થયું છે.

સરકાર દ્વારા ટ્રાફીક વધતાં અનેક માર્ગો પહોળા કરવામાં ચાલકોની દશા જોવા જેવી થાય છે. તા.૨૬ જૂનના રોજ સાબરમતી નદીના બ્રીજ ઉપર કોઈપણ કારણોસર ટ્રેઈલર ખોટકાઈ પડ્યું



મુસાફરી કરનારા લોકોને જ યાતનાઓની ખબર પડે. શનિવારે હિંમતનગર-વિજાપુર હાઈવેના પુલ ઉપર ટ્રેઈલર ખોટકાતાં ૫ કી.મી. સુધી ટ્રાફીકજામ થયો હતો જેના કારણે મુસાફરી કરતા લોકો ભૂખ્યા-તરસ્યા રીતસરના અકળાયા હતા. આવા સમયે નાના વાહનોમાં આવ્યા છે. પાછલા ૨ વર્ષ દરમ્યાન હિંમતનગર-વિજાપુર-મહેસાણા હાઈવે પહોળો કરાયા પછી વાહન ચાલકોને ખાસ્સી રાહત થઈ છે.

પરંતુ બ્રીજ પહોળા ન કરાતાં બ્રીજ ઉપર કોઈ વાહન ખોટકાઈ જાય ત્યારે વાહન અને ત્યાર પછી શરૂ થઈ વાહનોની લાંબી કતારો, ગુસ્સે ભરાયેલા વાહન ચાલકોએ ટ્રેઈલર ચાલકને ભાંડવામાં કશું બાકી ન રાખ્યું પરંતુ વાહન ખોટકાઈ પડે તેમાં ચાલક પણ શું કરે. તેમ છતાં એક પછી એક અસંખ્ય વાહન ચાલકોનો ગુસ્સો જોવા જેવો હતો.

# બનાસકાંઠામાં મ્યુકરમાઈકોસિસના અત્યાર સુધીમાં ૮૨ કેસ અને ૨૦ના મોત

### આરોગ્ય વિભાગ દ્વારા કેસ શોધવામાં આવી રહ્યા છે

પાલનપુર

બનાસકાંઠા કોરોના બાદ મ્યુકર માઈકોસિસના કેસો સામે આવી રહ્યા છે. જેમાં અત્યાર સીધીમાં ૨૦ ના મોત તેમજ ૮૨ કેસ નોંધાયા છે.જેમને સારવાર આપવામાં આવી રહી છે.

બનાસકાંઠામાં કોરોનાની બીજી લહેર બાદ મ્યુકર માઈકોસીસના કેસ સામે આવી રહ્યા છે.જેથી આરોગ્ય વિભાગ દ્વારા જુદી-જુદી ટીમો બનાવી જિલ્લામાં કોરોનાનો ભોગ બની ચુકેલા વ્યક્તિઓને શોધી તેમની ચકાસણી કરવામાં આવી રહી છે.જેમાં અત્યાર સુધીમાં કુલ ૮૨ મ્યુકર માઈકોસીસના કેસ નોંધાયા છે.તેમજ અત્યાર સુધીમાં ૨૦ વ્યક્તિઓના મોત થઈ ચુક્યા હોવાનું આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવ્યુ હતુ.

# ઈંધણના ભડકે બળતા ભાવ : સાબરકાંઠા, અરવલ્લીમાં શાકભાજી, જીવન જરૂરી ખાદ્યપદાર્થ મોંઘા થયા

### ભાવમાં સરેરાશ ૧૫ થી ૪૦ ટકાનો ઉછાળો, શાકભાજીના ભાવમાં કમરતોડ મોંઘવારી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે તેની સીધી અસર હવે મોંઘવારીના રૂપમાં પ્રજાને ડંખ દઈ રહી છે. ઈંધણના ભડકે બળી રહેલા ભાવના કારણે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શાકભાજી તેમજ જીવન જરૂરી ખાદ્યપદાર્થમાં સરેરાશ ૧૫ થી ૪૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો. ચોમાસા દરમ્યાન શાકભાજીના ભાવમાં વધારો થતો હોય છે પરંતુ આ વર્ષે કમરતોડ ભાવ વધારાના કારણે અનેક પરિવારોએ માત્ર ૧ ટંક જ શાકભાજી આરોગવાનો નિર્ણય લીધો છે.

મોંઘવારી શબ્દને પ્રજાએ હવે જીવન સાથે વણી લેવો પડશે. સતત મોંઘવારીનો માર ગરીબોને



તબાહ કરી રહ્યો છે અને મધ્યમ વર્ગ પણ તેના ડંખથી બાકાત રહ્યો નથી. પેટ્રોલ અને ડીઝલમાં ભાવ વધારા પછી પણ મોંઘવારી કાબુમાં આવશે તેવો દાવો કરનારા પ્રજાના આક્રોશ સામે કશું બોલતા નથી. કોંગ્રેસની મોંઘવારી વિરોધી ચળવળ પ્રજા ઉપર ધારી અસર કરી શકતી નથી. તેના પાછળ હવે મનોમંથન કરવાનો સમય પાકી ગયો છે.

જ્યારે ઈંધણના વધતા ભાવની સાથે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ તેમજ મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં વરસેલા વરસાદ પછી રાજ્યમાં ઠલવાતી શાકભાજીની આવકમાં ઘટાડો આવ્યો છે અને ટ્રાન્સપોર્ટરોએ પણ ડીઝલના ભાવમાં વધારાના કારણે ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધારી દેતાં તેની સીધી અસર ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવાર ઉપર એસિડના છાંટાની જેમ ઉભરી આવી છે. શાકભાજીના સ્થાનિક વેપારીઓનું માનીએ તો વરસાદથી અનેક ખેતરો બેટમાં ફેરવાયા છે. ભારે વરસાદના કારણે કેટલાક વિસ્તારોમાં શાકભાજીનો પાક નિષ્ફળ જઈ રહ્યો છે અને ડીઝલના વધેલા ભાવના કારણે શાકભાજી સહિત અન્ય ચીજવસ્તુઓમાં પણ મોંઘવારી જોવા મળી રહી છે.

# બનાસકાંઠામાં કોરોનાના પાંચ કેસ

પાલનપુર, તા. ૨૬

બનાસકાંઠા જિલ્લામાં આજે કોરોનાએ ફરી ચમકારો બતાવતા જિલ્લામાં ૦૫ કેસ નોંધાયા હતા.

બનાસકાંઠા જિલ્લામાં બેકાબૂ બનેલો કોરોનાના આજે ૦૫ કેસ નોંધાયા હતા. જેમાં જિલ્લાના વેપારી મથક ડીસામાં ૦૨ અને થરાદમાં ૦૩ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

# વાલીઓની અસમંજસ વધી : ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ દિવાળી સુધી બંધ રહે તેવી સંભાવના..!!

### માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અને કોલેજો શરૂ કરવાની વિચારણા શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું છે, કોરોનાનું સંક્રમણ ઘટ્યું છતાં વિદ્યાર્થીઓની હાજરી સાથે શાળાઓ શરૂ થઈ શકી નથી. જુલાઈના આરંભથી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય શરૂ થવાની સંભાવના વચ્ચે અહેવાલ સામે આવ્યા છે કે રાજ્ય સહિત ઉત્તર ગુજરાતની પ્રા.શાળાઓમાં વિદ્યાર્થીઓનું શિક્ષણ દિવાળી સુધી બંધ રહે તેવી પૂરે પૂરી સંભાવના છે. જ્યારે ધો.૯ થી ૧૨ અને કોલેજોનું શૈક્ષણિક કાર્ય શરૂ કરવા સરકાર વિચારણા કરતી હોવાનું પણ સામે આવ્યું છે. જે રીતે કોરોના કેસમાં ઘટાડા પછી ડેલ્ટા વેરિયન્ટ પ્રસર્યો છે તે જોતાં તેમાં અડચણ આવી શકે છે.

કોરોનાની ત્રીજી લહેર સૂચના આપીને આવવાની નથી. સરકારે જનજીવન ધબકતું કરવા માટે ગુજરાત અનલૉક કર્યું પરંતુ મોટાભાગની પ્રજા લાપરવાહ છે. ઠેકઠેકાણે ટોળાં વળી રહ્યાં છે, સોશ્યલ ડિસ્ટન્સ ભૂલાય છે, કોરોના ગાયબ થઈ ગયો છે તેમ માની કેટલાક લોકો માસ્ક પહેરવાનું ટાળી રહ્યા છે.

આ બધી પરિસ્થિતિમાં લાપરવાહી કોરોનાની ત્રીજી લહેર નજીકમાં જ આવે તેવી સંભાવના છે. શૈક્ષણિક સંસ્થાઓમાં નવા સત્રનો આરંભ થયો અને હવે વિદ્યાર્થીઓની હાજરી સાથે શિક્ષણધામ ધમધમે તે જરૂરી છે કારણ કે વાલીઓ પણ હવે કંટાળ્યા છે. પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર ધો.૧ થી ૮ ઓક્ટોબર-નવેમ્બર સુધી શરૂ થાય તેવું જણાતું નથી પરંતુ ધો.૯ થી ૧૨ અને કોલેજોમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવા માટે સરકાર વિચારણા કરી રહી છે અને આ માટે તજજ્ઞો સાથે વાર્તાલાપ શરૂ થયો છે. શૈક્ષણિક સંકુલો વિદ્યાર્થીઓ વગરના હોવાથી સ્ટેશનરી અને સ્કુલ ડ્રેસના વેપારીઓ અને સપ્લાયરોને મોટો આર્થિક ફટકો પડ્યો છે.

# બાયડ માર્કેટયાર્ડના ડિરેક્ટર તરીકે અરવિંદભાઈ જે. પટેલની નિયુક્તિ

### બાયડ નગરપાલિકાના પ્રતિનિધિ તરીકેની દરખાસ્તને સહકાર વિભાગની બહાલી

બાયડ માર્કેટયાર્ડના ડિરેક્ટર (કો.ઓપ્ટ સભ્ય) તરીકે બાયડ નગરપાલિકા દ્વારા અરવિંદભાઈ જે. પટેલની દરખાસ્ત રાજ્યના સહકારી વિભાગમાં મોકલ્યા પછી બહાલી મળતાં બાયડ એ.પી.એમ.સી.ના ડિરેક્ટર તરીકે અરવિંદભાઈ જેઠાભાઈ પટેલની નિયુક્તિ કરાતાં બાયડ સહિત તાલુકાના ખેડૂત સંગઠનોમાં આનંદની લાગણી ફરી વળી છે. બાયડ પાલિકા વોર્ડ નં.૫ માં રસાકસી ભરી જીત મેળવ્યા પછી લોક પ્રશ્નોના ઉકેલ માટે હંમેશાં તત્પર પ્રજાના પ્રતિનિધિની



બાયડ એ.પી.એમ.સી. ડિરેક્ટર તરીકે ભાજપ સંગઠન દ્વારા પસંદગી અને ત્યારબાદ વિભાગની બહાલી મળતાં તેમની નિયુક્તિને બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ જે. પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન એ. જોષી, બાયડ શહેર સંગઠન ભાજપ મહામંત્રી દિપકભાઈ પટેલ, બિપીનભાઈ પ્રજાપતિ, બાયડ શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ તપનભાઈ એ. પટેલ સહિત સહકારી આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

# વરસાદનો અણધાર્યો વિરામ : સાબરકાંઠા, અરવલ્લીમાં અસહ્ય બફારાથી પ્રજા ત્રાસી

### દિવસ-રાત ધમધમતાં રહ્યાં ઠંડક આપતાં ઉપકરણો, ખેડૂતો માટે સિંચાઈનાં પાણી આશીર્વાદરૂપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

રાજ્યમાં ચોમાસુ જામવાનું હતું ત્યાં જ એકાએક કાળાં ડીબાંગ વાદળો વિખેરાયાં અને આકાશ સ્વચ્છ બની જતાં વાવણી કરનારા ખેડૂતો ચિંતામાં સરી પડ્યા છે. આગામી ૪-૫ દિવસ સુધી વરસાદની કોઈ સંભાવના નથી. વરસાદનો અણધાર્યો વિરામ ખેડૂતોને પરેશાન કરી રહ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદના વિરામ પછી અસહ્ય બફારાથી પ્રજા ત્રાસી છે. જ્યારે બાયડ તાલુકામાં ઓછા વરસાદના કારણે પ્રજામાં ચિંતા જોવા મળી છે.

ચોમાસા શરૂ થવામાં સમય હતો ત્યારે જિલ્લાના અનેક વિસ્તારોમાં સાંબેલાધારે વરસાદ વરસ્યો. તાઉતે વાવાઝોડાની અસરના કારણે વરસાદ વરસ્યા પછી ખેડૂતોએ વાવણી કાર્યમાં થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી પરંતુ જુલાઈના બીજા-ત્રીજા સપ્તાહમાં અનેક વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસતાં ધરતીપુત્રો હરખાયા. ક્યાંક વાવણી લાયક વરસાદ થયો તો ક્યાંક વરસાદે પોતે સામાન્ય હાજરી આપી રવાના થઈ ગયો. જ્યાં વરસ્યો ત્યાં મેહૂલિયો અનરાધાર વરસ્યો. ખેડૂતોએ વાવણી કાર્ય શરૂ કર્યા પરંતુ બાયડ સહિત કેટલાક તાલુકામાં અન્ય તાલુકાની સરખામણીએ ઓછા વરસાદથી પ્રજા અને ખેડૂતોમાં ચિંતા હાવિ થઈ છે. વરસાદના અણધાર્યા વિરામ પછી જો વરસાદ એક પખવાડીયું ખેંચાય તો ખેડૂતોનું મોંઘુદાટ બિયારણ નિષ્ફળ જઈ શકે છે. આ સંજોગોમાં સુજલામ કેનાલમાં પાણી છોડાતાં સિંચાઈનાં પાણી હજારો ખેડૂતો માટે આશીર્વાદરૂપ બની રહ્યાં છે.